વાહનોના કાફલા સાથે યાત્રા પ્રવેશી

બાયડમાં ભાજપની જનઆશીર્વાદ યાત્રાને પ્રચંડ સમર્થન

તમે મને ખભે બેસાડ્યો એના કારણે અમે ઉંચા સ્થાને - કેન્દ્રીય મંત્રી : દેશના ૬ લાખ ગામડાંમાં ટેકનોલોજીના માધ્યમથી વિકાસ કામો કરવાનો નિર્ધાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

ભાજપના કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણની જનઆશીર્વાદ યાત્રા અરવલ્લી જિલ્લાના બાયડમાં પ્રવેશી ત્યારે વાહનોના કાફલા અને ભારત માતાના જયઘોષ સાથે કેસરીયો માહોલ જોવા મળ્યો. બાયડમાં ભાજપની જનઆશીર્વાદ યાત્રાને પ્રચંડ સમર્થન મળ્યું. શરણાઈ પાર્ટી પ્લોટમાં યોજાયેલી સભાને સંબોધતાં કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું કે જનતા જન પ્રતિનિધિને જન્મ આપે છે ત્યારે જનતાના આશીર્વાદ લેવા માટે હું આપની વચ્ચે આવ્યો છું. દેશના વડાપ્રધાને કેન્દ્રના મંત્રી મંડળમાં તમામ વર્ગોને સ્થાન આપી દરેક જ્ઞાતિ-પ્રદેશને યોગ્ય ન્યાય આપવાનો પ્રયાસ કર્યો છે. જગત જનની માં અંબાના ધામ અંબાજી થી શરૂ થયેલી જનઆશીર્વાદ યાત્રા અરવલ્લી જિલ્લામાં પ્રવેશી ત્યારે ઠેક ઠેકાણે મળેલા આશીર્વાદથી અમારી તાકાત અનેક ગણી વધી છે તેમ જણાવી તેઓ એક તબક્કે ભાવુક બન્યા હતા.

છેલ્લા એક સપ્તાહથી અરવલ્લીમાં આવનારી ભાજપની જનઆશીર્વાદ યાત્રા માટે જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ જે. પટેલ અને તેમની સંગઠન ટીમ ઉપરાંત વિવિધ મોરચાના હોદ્દેદારો અને બાયડ તાલુકા તેમજ બાયડ શહેર ભાજપ સંગઠને તમામ તાકાત કામે લગાડી હતી. બાયડ નજીકની વૃંદાવન હોટલથી પ્રવેશનારી જનઆશીર્વાદ યાત્રાને બાયડ શહેર ભાજપ યુવા મોરચા પ્રમુખ જીગર પટેલ અને મહામંત્રી જલદીપ પટેલની યુવા ટીમે બાઈકોના કાફલા અને ડી.જે.ના તાલે ભાજપના આગેવાન-હોદ્દેદારોની ઉપસ્થિતિમાં બાયડનગરમાં પ્રવેશ કરાવ્યો ત્યારે સમગ્ર બાયડનગર ભાજપમય બની ગયું હતું. કેન્દ્રીય મંત્રીએ બાયડ માર્કેટયાર્ડમાં સરદાર પટેલની પ્રતિમાને ફુલમાળા અર્પણ કરી જનઆશીર્વાદ યાત્રાનો નગરમાં પ્રારંભ કર્યો હતો ત્યારબાદ પાર્ટી પ્લોટમાં યોજાયેલી સભાને સંબોધતાં તેઓએ જણાવ્યું કે દેશમાં પ્રથમવાર એવું બન્યું છે કે ઓ.બી.સી. સમાજના કેન્દ્રમાં ૨૭ મંત્રીઓ છે. જનતાના આશીર્વાદ થકી જ અમારા જેવા કાર્યકરોને કેન્દ્રમાં જવાબદારી નિભાવવાની તક મળી છે અને આપના આશીર્વાદથી અમે સામાર્થ્યવાન બનીશું. ભારત સરકારના મંત્રીની ખુરશીનું આ સન્માન છે અને આ સન્માનને જાળવવા હું આપની વચ્ચે જનઆશીર્વાદ યાત્રા સાથે આશીર્વાદ લેવા માટે આવ્યો છું તેમ જણાવી રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્ય મંત્રી નીતિનભાઈ પટેલના વિકાસ કામોને આશીર્વાદ આપો છો, સંગઠન પ્રમુખ સી.આર.પાટીલની પણ તેઓએ પ્રસંશા કરી હતી અને જણાવ્યું હતું કે વિકાસ કરવો હોય તો દેશના ૬ લાખ ગામડાઓમાં ટેકનોલોજીના માધ્યમથી વિકાસના કામો કરી શકીશું. કાર્યક્રમમાં યાત્રા ઈન્ચાર્જ અને પૂર્વ ગૃહમંત્રી ગોરધન ઝડફીયાએ આ યાત્રાને દેશની આઝાદીના ૭ દાયકા પછી તમામ પ્રાંત, જ્ઞાતિ, પ્રદેશને પ્રતિનિધિત્વ મળ્યું હોય એવી અને એમાં સૌથી મોટું ગુજરાતમાં પ્રતિનિધિત્વ વડાપ્રધાને આપ્યું છે તેમ જણાવી કોરોના દરમ્યાન નિઃશુલ્ક રસીકરણ કર્યું છે. ભારતે દુનિયાની સામે ૨૩૬ કરોડ ડોઝ આપ્યા છે. ભાજપના કાર્યકર્તાઓએ કોરોના સંકટ સમયે ખુબ સેવા કરી હોવાનું જણાવ્યું હતું. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલે જનઆશીર્વાદ યાત્રા લઈને પધારેલા કેન્દ્રીય મંત્રી સહિત મહાનુભાવો અને જિલ્લામાંથી ઉપસ્થિત રહેલા કાર્યકરોને આવકાર્યા હતા. જનઆશીર્વાદ યાત્રા સમયે સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ ધારાસભ્યો, જિલ્લા સંગઠન, સહસંગઠન પ્રભારી તેમજ વિવિધ મોરચાના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે કેન્દ્રીય મંત્રીનું વિવિધ સમાજના આગેવાનો અને ભાજપના વિવિધ સંગઠન હોદ્દેદારોએ મોમેન્ટો આપી સન્માન કર્યું હતું. અરવલ્લીના બાયડમાં આવેલી જનઆશીર્વાદ યાત્રાને સફળ બનાવવામાં અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન તેમજ વિવિધ મોરચાની સરાહનીય કામગીરી રહી હતી.

ભાજપ સંગઠન યુવા મોરચાની ટીમે બાઈક રેલીને સફળ બનાવી

બાયડ : અરવલ્લીના બાયડમાં ભાજપની જનઆશીર્વાદ યાત્રા આવી પહોંચી હતી જેને અરવલ્લી જિલ્લા ભાજપ યુવા મોરચા સંગઠન પ્રમુખ અમિષ પટેલ, બાયડ શહેર ભાજપ યુવા સંગઠન પ્રમુખ જીગર પટેલ, મહામંત્રી જલદિપ પટેલ, બાયડ તાલુકા ભાજપ યુવા મોરચા સંગઠન પ્રમુખ પાર્થ ચૌધરી અને તેમની યુવા ટીમે એસ્કોટ કરી રાત્રિ નિવાસસ્થળથી સભા સ્થળ સુધી લઈ આવ્યા હતા. ભાજપ સંગઠન યુવા મોરચાની ટીમે બાઈક રેલીને સફળ બનાવતાં જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલે યુવા મોરચાના તમામ હોદ્દેદારો અને કાર્યકરોને અભિનંદન પાઠવ્યા હતા.

બાયડ તાલુકા અને બાયડ શહેર ભાજપ સંગઠનની કામગીરીને બિરદાવાઈ

બાયડ : અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્રભાઈ પટેલે જનઆશીર્વાદ યાત્રાના સફળ આયોજન બદલ બાયડ તાલુકા ભાજપ સંગઠન પ્રમુખ માંનસિંહ સોઢાપરમાર, બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, વિવિધ મોરચાના હોદ્દેદારો, બાયડ પાલિકા તેમજ બાયડ તાલુકા પંચાયતના હોદ્દેદારો અને સભ્યોની તેમજ તમામ તાલુકાના ભાજપ સંગઠનની કામગીરીને જાહેરમાં બિરદાવી હતી.

અરવલ્લીમાં મહેસૂલી અધિકારીઓની માસિક સમીક્ષા બેઠક યોજાઈ

બાયડ તા.૧૮

અરવલ્લી જીલ્લાના કલેકટર કચેરીના સભાખંડ ખાતે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાની અધ્યક્ષતામા તથા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં મહેસૂલી અધિકારીશ્રીઓની સમીક્ષા બેઠક યોજાઈ.જેઅંતર્ગત

જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીનાએ કામોની સમીક્ષા કરતા જણાવ્યુંકે, જીલ્લાની ગરીબ પ્રજાને સચોટ માર્ગદર્શન પૂરું પાડવું, ગરીબ પ્રજાને તેમનાં દરેક કામમાં સતત ખડેપગે રહેવું જોઈએ, લોકોના હિતમાં આવતા કામો માટે હરહંમેશ પ્રયત્નશીલ રહેવું તથા તેમના દરેક કાર્યો ઝડપથી પૂર્ણ કરવા અધિકારીશ્રીઓને અનુરોધ કર્યો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે, દરેક કામોની અમલવારી ઝડપથી થવી જોઈએ, જેટલા બાકી રહેલા કામોની કાચી નોંધોનો નિકાલ કરવો, અરવલ્લી જીલ્લાનાં તમામ તાલુકાઓમાં બાકી રહેલ કામોનો ઝડપથી નિકાલ કરવો, જે લોકો અન્ય લાભોથી વંચિત છે તેવા લોકોને માહિતગાર કરવા, સરકારી યોજનાઓ હેઠળ લાભાર્થીઓને લાભ અપાવવો તથા મહેસૂલીના બાકી રહેલ કામો પૂર્ણ કરવા તથા દરેકને તેમના તાલુકામાં બેઠક યોજવા જણાવ્યું. સાથે આ સમીક્ષા બેઠકમાં બીજા અનેક મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી જેમાં, દબાણ કરાયેલ કામગીરી, સરકારી જમીનની, રમતગમત જમીન અંગેની, આંગણવાડી જમનીની વિગત, ગત માસ સુધીમાં મળેલ નવા કામીજાસ્તી પત્રકોની સંખ્યાની, ગામ દફતર અમલ કરાવેલી કમી જાસ્તી પત્રકોની સંખ્યાની, જમીન સંપાદન, બિનખેતી, સરકારી ખર્ચે માપણીની, સરકારી ખર્ચે ગામતળ નીમ, બિનખેતી હુકમો, ખેડૂત ખાતેદાર ખરાઈ અંગેના પ્રમાણપત્ર, મહેસૂલી કેસોની, NFSA, અંત્યોદય જથ્થાની વિગત, ચકાસણી તથા માપણી ઉપર બાકી રહેલ કામોને ઝડપથી પૂર્ણ કરવા.ત્યાર બાદ ઈ-ધરા કેન્દ્રો ખાતે નિકાલ કરેલ કામોની ચકાસણી કરી, તકરારી હક્કપત્રક નોંધો નિકાલ કેસોની ચકાસણી કરી, બિન ખેતી પરવાનગી અંગેના અરજીના નિકાલ તથા આઈ મોજ એપ્લીકેશન રિપોર્ટની ચકાસણી કરી જરૂરી સુચનો કર્યા. આ બેઠકમાં પ્રાંત અધિકારીશ્રી મોડાસા, પ્રાંત અધિકારીશ્રી બાયડ, પુરવઠા અધિકારીશ્રી, મામલતદારશ્રી મોડાસા, મામલતદારશ્રી ભીલોડા, મામલતદારશ્રી બાયડ, મામલતદારશ્રી ધનસુરા, મામલતદારશ્રી માલપુર, મામલતદારશ્રી મેઘરજ તથા મહેસૂલી અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં વિકાસલક્ષી યોજનાઓમાં ભ્રષ્ટાચાર

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીમાં વિકાસલક્ષી યોજનાઓમાં અનહદ ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોવાની ગંભીર ફરિયાદો છાશવારે ઉઠી રહી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી હસ્તક મનરેગા, સ્વચ્છ ભારત મિશન, જળસ્ત્રાવ યોજના, વોટર શેડ યોજના, પ્રધાનમંત્રી આવાસ(ગ્રામીણ) સહિતની યોજનાઓમાં વ્યાપક ગેરરીતીની ફરિયાદો છતાં ખદબદતા ભ્રષ્ટાચારને યેનકેન પ્રકારે દાબી દેવામાં આવી રહ્યો છે જેથી વિકાસલક્ષી યોજનામાં આચરાતા લખલૂંટ ભ્રષ્ટાચારને કોણ છાવરી રહ્યું છે..?? તે સવાલ ચર્ચાનો વિષય બન્યો છે.

કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની મહત્વકાંક્ષી યોજનાઓનો લાભ લાભાર્થીઓ સુધી પહોંચે તે માટે દાવા કરાઈ રહ્યા છે પરંતુ યોજનાકીય કામોમાં આચરવામાં આવતા ભ્રષ્ટાચાર વિશે ઉઠતી ફરિયાદો પ્રત્યે કોઈ તપાસ થતી નથી જેથી અરવલ્લી જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીના માધ્યમથી થતાં વિકાસલક્ષી યોજનાકીય કામોમાં ગેરરીતીની અવાર નવાર ફરિયાદો ઉઠતી હોય છે. ગ્રામ વિકાસ એજન્સીના ભ્રષ્ટાચારને ઉચ્ચ કક્ષાએથી છાવરવામાં આવતો હોય તેવી તાસિર ઉભરી છે. જિલ્લાના મેઘરજ સહિતના વિસ્તારોમાં અગાઉ વિકાસલક્ષી કામોમાં ખોટું થયાની અનેક ફરિયાદો ઉઠી હતી. જ્યારે જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ શૌચાલયોના કામમાં પણ ગેરરીતીની આશંકા વ્યક્ત કરી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના અધિકારી-કર્મચારીઓ સામે ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા છતાં આક્ષેપોને ફગાવી દઈ ભ્રષ્ટાચારને છાવરવામાં આવી રહ્યો છે. મનરેગાના કામમાં શ્રમજીવીઓની ખોટી હાજરી તેમજ બારોબાર હાજરી પૂરી નાણાં ઉપાડી લેવાની ફરિયાદો પણ સાંભળવા મળી રહી છે. જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા છેલ્લા કેટલાય સમયથી જળસ્ત્રાવ વિકાસ એકમ, વોટરશેડ અને જળસ્ત્રાવ યોજનાઓમાં અનેક ગેરરીતીઓ આચરવામાં આવી હોવાની ગંભીર ફરિયાદો થઈ રહી છે ત્યારે જિલ્લામાં તમામ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાઓને કમાણીનું સાધન બનાવી લેવામાં આવ્યું છે તેની તપાસ થવી જોઈએ. ગ્રામ્ય વિસ્તારોમાં તો પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામ મંજુર કરાવવા માટે ગ્રામ પંચાયતના કર્મચારીઓ રૂા.૨-૨ હજારનું ઉઘરાણું કરતા હોવાની પણ વ્યાપક બુમ ઉઠી છે જેથી જિલ્લામાં વિકાસલક્ષી યોજનાઓમાં ઉઠતા ભ્રષ્ટાચારની ઉચ્ચ સ્તરીય તપાસ થાય તો મોટું કૌભાંડ બહાર આવી શકે છે.

મનરેગા, પ્રધાનમંત્રી આવાસ, શૌચાલયોમાં વ્યાપક ગેરરીતીની ઉઠતી ફરિયાદો : ખદબદતા ભ્રષ્ટાચારને કોણ છાવરી રહ્યું છે..?? ચર્ચાતો સવાલ

મોટી સંખ્યામાં પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડીયાની હાજરી

જનઆશીર્વાદ યાત્રા : અરવલ્લીના બાયડમાં કેન્દ્રીય મંત્રીની પ્રેસ કોન્ફરન્સ યોજાઈ

કોંગ્રેસને ન્યાય યાત્રા કાઢવાનો કોઈ અધિકાર નથી : મંત્રી દેવુંસિંહ ચૌહાણ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

જનઆશીર્વાદ યાત્રા અરવલ્લીમાં આવી પહોંચી ત્યારે બાયડની હોટલ વૃંદાવનમાં બુધવારે કેન્દ્રીય મંત્રી દેવુસિંહ ચૌહાણે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. જેમાં દેશના વડાપ્રધાને કેન્દ્રના મંત્રી મંડળમાં દરેક સમાજને પ્રતિનિધિત્વ આપ્યું છે. પ્રથમવાર દેશના મંત્રી મંડળમાં ૧૧ મહિલાઓને સ્થાન મળ્યું છે તેમ જણાવી કોંગ્રેસને ન્યાય યાત્રા કાઢવાનો કોઈ અધિકાર નથી. કોંગ્રેસના શાસનમાં ગુજરાતમાં છાશવારે કોમી હિંસા થતી હતી ભાજપનું શાસન આવતાં સંપૂર્ણ શાંતિ જળવાઈ રહી છે અને રાજ્યની પ્રગતિમાં શાંતિ હોવી જરૂરી છે. કેન્દ્રીય મંત્રીની પ્રેસ કોન્ફરન્સમાં અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના પ્રિન્ટ-ઈલેક્ટ્રોનિક મીડીયાની હાજરીની ભાજપ આગેવાનોએ નોંધ લીધી હતી.

કેન્દ્રમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ વધ્યું છે ત્યારે મંત્રીઓ પોતાના વિસ્તારમાં પહોંચે ત્યારે જનતાના આશીર્વાદ મેળવે તેવી વડાપ્રધાનની લાગણીને ધ્યાને લઈ ગુજરાતમાંના જે સાંસદોને કેન્દ્રના મંત્રી મંડળમાં સ્થાન મળ્યું છે તેમની જનઆશીર્વાદ યાત્રા તા.૧૬ ઑગષ્ટથી શરૂ થઈ છે. બાયડમાં ભાજપની જનઆશીર્વાદ યાત્રા યોજાય તે પૂર્વે વરસાદ વરસતાં પ્રજા અને ખેડૂતોમાં ખુશાલી છવાઈ. બુધવાર સવારે કેન્દ્રીય મંત્રીની જનઆશીર્વાદ યાત્રાનો બાયડમાં પ્રારંભ થાય તે પૂર્વે તેઓએ પત્રકારો સાથે પ્રેસ કોન્ફરન્સ યોજી કેન્દ્રમાં દરેક સમાજને અને દરેક રાજ્યને મંત્રી મંડળમાં યોગ્ય સ્થાન મળ્યું છે તેમ જણાવી કેન્દ્રીય મંત્રીએ પત્રકારો દ્વારા પૂછવામાં આવેલા તમામ પ્રશ્નોના જવાબ આપ્યા હતા. તેઓએ ખેડૂતોની પણ ચિંતા કરી હતી અને ડ્રીપ ઈરીગેશનના કારણે ખેડૂતોને મહત્તમ ખેતી ક્ષેત્રે ફાયદો થઈ રહ્યો છે તેમ જણાવ્યું હતું. ગુજરાતમાં ભાજપના શાસન પછી શાંતિ છવાયેલી રહી છે અને તેના કારણે જ ગુજરાત સૌથી વધુ તિવ્ર ગતિએ પ્રગતિ કરતું દેશનું અગ્રીમ રાજ્ય હોવાનું તેઓએ જણાવ્યું હતું. પ્રેસ કોન્ફરન્સમાં જનઆશીર્વાદ યાત્રા ઈન્ચાર્જ ગોરધનભાઈ ઝડફીયા, ઉત્તર ઝોનના પ્રવક્તા કિશોર મકવાણા, ઉત્તર ઝોન મીડીયા કન્વિનર રેખાબેન ચૌધરી, રાજુભાઈ ભટ્ટ, સાંસદ દિપસિંહ રાઠોડ, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ, સહપ્રભારી ગીરીશભાઈ જગાણીયા, મયંક નાયક, અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર પટેલ, જિલ્લા મીડીયા ઈન્ચાર્જ પ્રભુદાસ પટેલ, પ્રવિણ એમ. પટેલ(બાયડ) ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લામાંથી મોટી સંખ્યામાં પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડીયાના પત્રકારો ઉપસ્થિત રહેતાં મીડીયા ઈન્ચાર્જ પ્રવિણ પટેલે તે સર્વેનો આભાર માન્યો હતો.

મોડાસા બાયપાસ રોડ ઉપર ડુંગરવાડા રેલવે ફાટક પાસે પોલીસનું ઉઘરાણું

સી.સી.ટીવી કેમેરાથી બચવા સ્થળ બદલ્યાની ચર્ચા : સવાર-સાંજ ઉઘરાણાથી ટ્રાફીકજામ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

મોડાસા બાયપાસ રોડ ઉપર ડુગરવાડા ચોકડી નજીકના રેલવે ફાટક પાસે સવાર-સાંજ પોલીસે વાહન ચાલકો પાસેથી ઉઘરાણું શરૂ કર્યું છે. છેલ્લા ૧ મહિનાથી પરપ્રાંતના વાહનોને થોભાવી પોલીસ ખિસ્સાં ભરતી હોવાથી ટ્રાફીકજામ સામાન્ય બન્યો છે. ચાંદટેકરી વિસ્તારમાં સી.સી.ટીવી કેમેરા લાગ્યા હોવાથી પોલીસ ખુલ્લું ઉઘરાણું કરી શકતી ન હોવાથી હવે સ્થળ બદલ્યાની ચર્ચાએ જોર પકડ્યું છે. જિલ્લાના પાટનગર મોડાસામાં પોલીસ કોરોના કાળમાં પણ ખિસ્સાં ભરવાની એકપણ તક જતી કરતી નથી. મોડાસા લીઓ પોલીસ ચોકી ફરજીયાત માસ્ક મુદ્દે પોલીસ કર્મચારીઓ માટે ટંકશાળ બની છે. જ્યારે નગરના બાયપાસ માર્ગો ઉપર પણ પોલીસ સરકારી વાહનો સાથે ગોઠવાઈ જાય છે અને યેનકેન પ્રકારે વાહન ચાલકોને દબડાવી ખિસ્સાં ગરમ કરી લે છે. મોડાસાના ડુગરવાડા બાયપાસ રોડ ઉપર રેલવે ફાટક નજીકનું સ્થળ હવે પોલીસ માટે ઉઘરાણાં કરવાનું સ્થળ બની ગયું હોય તેવી સ્થિતિ જોવા મળી રહે છે. ટી.આર.બી. જવાનો સાથે કેટલાક પોલીસ કર્મચારીઓ સવાર-સાંજ ગોઠવાઈ જાય છે અને વાહન ચાલકો પાસેથી પૈસાનું ઉઘરાણું કરતા હોય છે. મોડાસાની ડુંગરવાડા ચોકડી નજીક ખુલ્લેઆમ ઉઘરાણાના કારણે વાહનોની લાંબી કતારો લાગતી હોય છે. ચાંદટેકરી રોડના વિસ્તારમાં સી.સી.ટીવી કેમેરા ગોઠવાયા છે જેમાં હાઈવે ઉપરથી પસાર થતા વાહનોની તમામ ગતિવિધિઓ કેદ થતી હોય છે. જેના કારણે ચબરાક પોલીસ ક્યાંક કેમેરામાં ઉઘરાણું કેમેરામાં ક્યાંક પકડાઈ ન જાય તેની પૂરતી તકેદારી રાખી હવે સ્થળ બદલી નાખ્યું છે. છેલ્લા કેટલાક સમયથી ડુંગરવાડા રેલવે ફાટક પાસે સવાર-સાંજ વાહનોનો રોડ ઉપર જમાવડો થઈ રહ્યો છે ત્યારે જિલ્લા પોલીસ વડા દ્વારા કયા કારણોસર વાહનો થોભાવવામાં આવી રહ્યાં છે તેની તપાસ થાય તો ખિસ્સાં ભરવાનો ખેલ ઉજાગર થઈ શકે છે.

અરવલ્લી જિલ્લામાં દશામાના વ્રતની આસ્થાપૂર્વક પૂર્ણાહૂતિ

બુધવારે વિસર્જન ન થાય તેની માન્યતામાં મોડી રાત્રે મૂર્તિ વિસર્જન

તળાવો ખાલીખમ રહેતાં છીછરા જળાશયોમાં મૂર્તિ વિસર્જન

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ૧૦ દિવસ સુધી દશામાના વ્રતની આસ્થાપૂર્વક ઉજવણી થયા પછી ગત રોજ વ્રતની પૂર્ણાહૂતિ થઈ છે. બુધવારે વિસર્જન ન થાય તેવી ઘર કરી ગયેલી માન્યતાના કારણે શ્રદ્ધાળુઓએ મંગળવારની મોંડી રાત્રે મૂર્તિ વિસર્જન કર્યું હતું. આ વખતે વરસાદની અછતથી નદી, તળાવ, ચેકડેમ ખાલી હોવાના કારણે છીછરા જળાશયોમાં દશામાની મૂર્તિનું વિસર્જન કરાયું હતું. સરકારે ઘરે મૂર્તિ વિસર્જન કરવાની જાહેરાત કરી હોવા છતાં વ્રતની ઉજવણીના છેલ્લા દિવસે નદી, તળાવો તેમજ ચેકડેમ નજીકના સ્થળો ઉપર મૂર્તિ વિસર્જન માટે રાતના સમયે ચહલ પહલ રહી હતી.

દર વર્ષે હર્ષોલ્લાસથી પ્રજા વ્રતની ઉજવણી કરતી હોય છે. શ્રાવણ તેમજ ભાદરવા માસમાં આવતા વ્રતનું આગવું મહત્વ રહેલું છે તેમાંય દશામાના વ્રતનો મહિમા પાછલા ૨૦ વર્ષથી વધ્યો છે. પરંતુ દોઢ વર્ષ દરમ્યાન કોરોનાનું સંક્રમણ હાવિ થઈ જતાં વ્રતની ઉજવણીમાં

ઝાંખપ જરૂર આવી છે. આ વખતે કોરોનાનું સંક્રમણ હળવું થતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં શ્રદ્ધાળુઓએ આસ્થાપૂર્વક દશામાના વ્રતની ઉજવણી શરૂ કરી પોતાના નિવાસસ્થાને મૂર્તિનું સ્થાપન કરી ૧૦ દિવસ સુધી સવાર-સાંજ દશામાની પૂજા-અર્ચના કરી હતી. તમામ પ્રકારની દશાઓ સુધરે તેવી આસ્થા સાથે દશામાનું વ્રત ખાસ કરીને મહિલાઓ ઉજવતી હોય છે. ગત રોજ ૧૦ દિવસનો સમય પૂર્ણ થતાં બંન્ને જિલ્લામાં શ્રદ્ધાભેર વ્રતની પૂર્ણાહૂતિ થઈ છે. બુધવારે વ્રતનું સમાપન કરવાની સાથે મૂર્તિ વિસર્જન માટે અસમંજસની સ્થિતિ ઉભી થતાં મોટાભાગના વ્રતધારીઓએ મંગળવારની રાત્રે જ મૂર્તિ વિસર્જન કર્યું હતું.

રખિયાલ-સરડોઈ-દાવલીના રોડનું નવીનીકરણ શરૂ : રાજ્ય સરકારે રૂા.૫.૨૦ કરોડ ફાળવ્યા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૮

અરવલ્લી જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારના ડામર રોડ ભંગાર હાલતમાં ફેરવાઈ જતાં વાહન ચાલકો પારાવાર યાતનાઓ ભોગવી રહ્યા છે. મોડાસા તાલુકાના રખિયાલ-સરડોઈ-દાવલી રોડ અત્યંત બિસ્માર હાલતમાં ફેરવાઈ જતાં રાજ્ય સરકારે રૂા.૫.૨૦ કરોડની ગ્રાન્ટ ફાળવી રોડનું નવીનીકરણ શરૂ કરાવતાં પંથકના ગામડાઓમાં ખુશીની લહેર પ્રસરી છે.

ગામડાંના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર કટીબદ્ધ બની છે. આત્મા ગામડાનો અને સુવિધા શહેર જેવી હોય તેવા પ્રયાસ સાથે અનેક યોજનાઓ અમલમાં મૂકતાં ગામડાંની કાયાપલટ થઈ પરંતુ રસ્તાઓની અગવડતાના કારણે આજે પણ ગામડાંના વાહન ચાલકો, ખેડૂતો તેમજ સ્થાનિક પ્રજા મુશ્કેલી અનુભવે છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાથી કેટલાક ગામો પાકા ડામર રોડ માટે નસીબદાર બન્યા છે. તાલુકાના રખિયાલ, સરડોઈ, દાવલીને જોડતો ૧૦ કી.મી. રોડ છેલ્લા ૫ વર્ષથી ભંગાર હાલતમાં ફેરવાયો હતો. ઠેર ઠેર ભયજનક ગાબડાં પડતાં વાહન ચાલકો પરેશાનીમાં મૂકાયા હતા. તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં ડામર રોડનું નવીનીકરણ થયું ન હોવાના કારણે આ વિસ્તારની પ્રજાએ ન છૂટકે રસ્તા રોકો આંદોલનનો માર્ગ અપનાવ્યો હતો પરંતુ મોંડે મોંડે રાજ્યના મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણી અને નીતિનભાઈ પટેલે ભંગારમાં ફેરવાયેલા સરડોઈને જોડતા માર્ગનું નવીનીકરણ કરવા માટે ગ્રાન્ટ ફાળવતાં કામકાજ શરૂ કરવામાં આવ્યું છે. રોડના નવીનીકરણ સાથે પહોળાઈ વધારવા માટે રોડ ઉપરનાં ગરનાળાં હટાવી રોડ પહોળો કરવાની કામગીરી હાલ યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.